# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૫/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૩૧ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૫/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી મોહમદ જે.દિવાન ગામ – પોરબંદર

સબડીવીઝન: કિર્તિ મંદિર -પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૩.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩.૦૯.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ હતા તથા અરજદાર શ્રી હાજર રહેલ નથી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,તા. ૨૩/૦૨/૨૦૨૧ ના રોજ તમારા ઇલેક્ટ્રીક મિટરરીડર આવેલ હતા (વિજબિલ બનાવનાર) તેઓએ જણાવેલ કે તમારૂ બિલ એવરેજ કરતાં ઘણું વધારે બતાવે છે પ્રશ્ન કરતાં જણાવેલ કે આગલા મિટર રીડરે (બિલ બનાવનાર) છેલ્લા ૬ મહીનાથી લોક રાખેલ છે તેથી આમ બન્યું હશે તેઓએ જણાવેલ કે તમારૂ બિલ અંદાજે રૂ. ૫૦૦૦/- નું થાય છે.

આપ સાહેબને જણાવવાનું કે અમારા ઘરનું બિલ છેલ્લા૨૦ વર્ષમાં રૂ.૧,૫૦૦/- (૧૫૦ યુનિટ) થી વધારે આવેલ નથી આમાં કાઈંક ભુલ છે અમો અમારા ઘરમાં૧-રૂમ , રસોડું , બાથરૂમ સિવાય કાઈ નથી, ઘરમાં નીચે મુજબ ઇલેક્ટ્રીક સાધનોછે.

(૧) ગીઝર ( ૩ લીટર).

(૨) પંખા નાના ૨ ફુટના નંગ-૨.

(૩) રેફ્રીજરેટર ૧૮૦ લીટર.

(૪) પાણીની ૦II ની મોટર જે એકાંતરે ૪૫ મિનીટ ચાલે છે.

(૫) LED ૯ વોલ્ટના લેમ્પ નંગ ૯ બેઠક રૂમ,રસોડું,બાથરૂમ, ટોઇલેટ, વગેરે થઈને ફિટ કરેલ છે.

(૬) શિયાળાના ચાર મહિનાથી પંખા તો બંધ હાલતમાં છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની કચેરી હેઠળની કિર્તીમંદિર પેટા વિભાગીય કચેરીના વીજ ગ્રાહક શ્રી મોહમદ જે. દિવાન ગ્રા.નં. ૩૫૧૧૪૦૦૭૯૩૯ RGPU દ્વારા આપ સમક્ષ એવરેજ બીલ કરતા પાચ ગણું વીજ બીલ આવવાની રજૂઆત કરેલ છે અને પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સ્થળ તપાસ કરેલ છે અને આ કેસની સમગ્ર સત્ય હકીકત નીચે મુજબ છે.

3.૧ ગ્રાહકને આપવામાં આવેલ વીજ બીલનો રકોર્ડ તપાસતા માર્ચ,અપ્રિલ-૨૦ મેં, જુન-૨૦, નવેમ્બર, ડીસેમ્બર-૨૦ ના મીટર રીડીંગ દરમ્યાન ગ્રાહકનું મીટર ખુબ જ ઊંચું હોવાને લીધે ગ્રાહકના રીડીંગ લઇ શકાય તેમ ન હોવાથી ગ્રાહકને 'LOCK' સ્ટેટસ મુજબ બીલો આપેલ હતા તે કારણે મીટરમાં વધુ રીડીંગ ભેગા થયેલ હતા તેબાબતની ગ્રાહક દ્વારા ફરિયાદ કરવામાં આવેલ હતી.

3.૨ પેટા વિભાગીય કચેરી દ્વારા હાલ કામ કરતી સ્પોટ બિલીંગ એજન્સી ને લોક સ્ટેટસવાળા ગ્રાહકોના વીજ બીલ રીડીંગ લઇને જ બનાવવા તે અંગે જરૂરી સુચના આપવામાં આવેલ છે.

3.3 કિર્તીમંદિર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા તા.૧૮.03.૨૦૨૧ના રોજ સ્થળ મુલાકાત કરેલ ત્યારે મીટર ખુબ જ ઉચે લગાડેલ હોવાથી રીડીંગ સહેલાઇથી લઇ શકતા નથી. મીટર નીચું લગાડવા માટે ગ્રાહકને સમજાવતા તેઓ દ્વારા ના પડેલ છે કે અમારે મીટર નીચું લેવું નથી. આ અંગેની જરૂરી ફોટોગ્રાફી પણ કરેલ છે. જે આ સાથે સામેલ છે.

3.૪ સદર વીજ કનેક્શનમાં માર્ચ,અપ્રિલ-૨૦માં 'N' સ્ટેટસ, મેં,જુન-૨૦માં 'LOCK', જુલાઈ,ઓગસ્ટ-૨૦માં 'LOCK', સપ્ટે,ઓક્ટો-૨૦માં ૧૩૦ નો વપરાશ નવેમ્બર,ડીસેમ્બર-૨૦માં 'LOCK' આવેલ હોય, જાન્યુ,ફેબ્રુ-૨૧માં ૮૧૨ KWH પ્રમાણે મીટર વાંચન કરીને બીલ બનાવેલ છે. જે રીડીંગ પ્રમાણે બીલ બનવા પામેલ છે તે મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ બરાબર છે અને તે કાયદેસર ભરપાઈ કરવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર શ્રી ની રજુઆત મુજબ- પીજીવીસીએલ કંપની દ્વારા સ્થળ તપાસ કરતાં જે વીજ બિલ આપવામાં આવેલ છે જે અરજદાર શ્રી દ્વારા ભરપાઈ પણ કરવામાં આવેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં.૩.૪ મુજબ કંપની ના નિયમોનુસાર હોય તે અરજદાર શ્રી એ ભરવાપાત્ર છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રકઆયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯